કોઈપણ વ્યક્તિ પોતાની દ્રષ્ટિ અથવા તો લાગણીને બીજી વ્યક્તિ સુધી પહોંચાડવા માટે શબ્દોનો પ્રયોગ કરે છે, અનેક શબ્દો થી વાક્ય બને છે અને એ વાક્ય અર્થ સભર હોય જ્યારે શબ્દો પણ યોગ્ય અને અર્થસભર હોય. મુખ્યત્વે વાક્યમાં બે પ્રકારના શબ્દો જોવા મળે છે એક છે ક્રિયાપદ અને બીજું છે નામ. નામ અંતર્ગત આપણે જાતિ ગુણ અને સંબંધને લઈ શકાય.

આખી સંસ્કૃત ભાષામાં જે કોઈ ક્રિયાપદ કે નામ છે એ બધા જ ૨૨૦૦ ધાતુમાંથી બનાવવામાં આવ્યા છે. ધાતુપાઠ પુસ્તકમાં આ ધાતુ જોવા મળે છે. જે મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાયેલી છે. જેને પરસ્મૈપદી ધાતુ અથવા આત્મનેપદી ધાતુ કહેવાય છે. કેટલીક ધાતુઓના રૂપ પરસ્મૈપદી અને આત્મનેપદી બન્ને પ્રમાણે જોવા મળે છે જેને ઉભયપદી ધાતુ કહેવાય છે.ધાતુમાં અમુક પ્રત્યય લગાવીને ક્રિયાપદ બને છે અને ધાતુમાં બીજા પ્રત્યય લગાવીને નામ બને છે.

વાક્ય માં રહેલા બધા જ શબ્દોમાં ક્રિયાપદ મુખ્ય છે અને એ ક્રિયાપદ ની આસપાસ બાકીના શબ્દો જોડાયેલા છે;

(૧) ધાતુમાં सुबन्त પ્રત્યય લગાવીને જે નામ બને છે એને સંસ્કૃત ભાષામાં **પ્રાતિપદિક** (મૂળ નામ) કહેવામાં આવે છે. (रम् ધાતુ + घञ् પ્રત્યય = राम પ્રાતિપદિક/મૂળ નામ)

(૨) આ જે મૂળ નામ છે એને જ ફરી પાછા વિભક્તિ પ્રત્યય લગાવવામાં આવે છે જેને કારક વિભક્તિ પ્રત્યય કહેવામાં આવે છે જે 24 છે.

(આપણે राम શબ્દ ના રૂપો દ્વારા એને ઓળખી શકીએ.)

(૩) વિભક્તિ પ્રત્યય કયા લાગે એને માટે મૂળ નામ અર્થાત પ્રાતિપદિક નો છેલ્લો વર્ણ કયો છે એ મહત્વનું છે. (राम પ્રાતિપદિકમાં છેલ્લો વર્ણ अ છે જ્યારે મરુત માં त् છે.)

(૪) એમાં ત્રણ લિંગ છે પુલ્લિંગ સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ. આ ત્રણેયના પ્રત્યય જુદા જુદા છે

(૫) વચન પણ મહત્વનું છે અને વચન અર્થાત એકવચન, દ્વિવચન અને બહુવચન.

ક્રિયાપદ ના સંદર્ભમાં જોઈએ તો,

(૧) એમાં પણ ધાતુની સાથે तिङन्त પ્રત્યય લગાવવાથી જે શબ્દ પ્રાપ્ત થાય છે તે જેને ક્રિયાપદ કહેવામાં આવે છે.(रम् ધાતુ + तिप् પ્રત્યય = रमति ક્રિયાપદ/પદ)

(૨)કાળ ને આધારે પ્રત્યય લગાવવામાં આવે છે, માટે ક્રિયાપદ ના જુદા જુદા રૂપ થાય છે. એને સંસ્કૃતમાં लकार् કહેવામાં આવે છે અને આવા 10 लकार् છે અને એના પ્રત્યયો પણ જુદા જુદા છે. (लट् = वर्तमान,लृट् = भविष्य, लिङ्, लोट्,.......)

(૩) પુરુષ અર્થાત પ્રથમ પુરુષ, મધ્યમપુરુષ અને ઉત્તમપુરુષ છે

(૪)એક વચન દ્વિવચન અને બહુવચન પ્રમાણે પ્રત્યયો લાગે છે.